જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૯/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૧૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૫૮ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૭ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૯ બિયર ટીન, ૦૨ મોટર સાયકલ અને ૦૪ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૩૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૧૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં. ૧૩૧૨/૨૦૨૫**

ક્રાઇમબ્રાંચઃ સાગરભાઇ અનિલભાઇ દેસાઇ (ઉ.વ.૩૩)(રહે.મલહાર બંગ્લોઝ, કલહાર બંગ્લોઝ સામે, નાંદોલી તા:– કલોલ જી:–ગાંધીનગર) એ તા.૧૭/૦૯/૨૦૨૫ ના રોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે માર્ચ/૨૦૨૩ થી તા.૦૪/૦૭/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન પ્રિઝમ એલાયન્સ પ્રા.લી.ના માલીક ડિરેકટર (૧) ગજાનંદ મુરાલીલાલ શર્મા (૨) વિકાસ ગજાનંદ શર્મા (બંને રહે. વિરવિલા વાસુદર્શન એપાર્ટમેન્ટ પાસે, પાલ અડાજણ સુરત) (૩) બબ્લુકુમાર રવિન્દ્ર પાઠક (રહે. સુરત) (૪) રાહુલકુમાર અનિરૂધ્ધસિહ ચુડાસમા (રહે. ક્રિષ્ણા રેસીડન્સી કામરેજ સુરત) (૫) બ્રોકર:– પરાગ શાહ (જેના પુરા નામ–સરનામાની ખબર નથી) અને (૬) સી.એ.:– સુદંરારાજન રઘુનાથાન (રહે.વાલમીકી ગલી ટી–નગર ચૈન્નાઇ તમિલનાડુ) એ ભેગામળી સેટેલાઇટ પ્રહલાદનગર ક્રોસ રોડ ઇસ્કોન એલીગન્સ ક્રાઉન પ્લાઝાની બાજુમાં "અલ્કોવ ઇન્ટરનેશનલ" ઓફીસ ખાતે થી ફાર્માસ્યુટીકલ અલગ–અલગ રો–મટીરીયલ કુલ રૂપિયા ૮,૫૪,૮૯,૪૯૨/– મતાનો માલ સાગરભાઇ દેસાઇ પાસેથી ખરીદ કરી, તે પેટે અમુક રકમના ચેક આપતા, ચેક બેંકમાં ભરતા સ્ટોપ પેમેન્ટ/ઇન્સફીસયન્ટ બેલેન્સ હોવાથી ચેક પાછા કરાવી તેમજ બેંકની ફેક એલ.સી. સાગરભાઇ દેસાઇને આપી તેમના ડિમેટ એકાઉન્ટમાં શેરનો મોક પોર્ટફોલીયો બનાવી સાગરભાઇ દેસાઇને કોઇ રૂપિયા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.કે.ડાંગર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં. ૧૩૧૩/૨૦૨૫**

રીવરફ્રન્ટ વેસ્ટઃ જીતભાઇ પ્રહલાદજી પઢીયાર (ઉ.વ.૩૯)(રહે,સાંકળચંદ મુખીની ચાલી, બહેરામપુરા રોડ, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૯/૨૦૨૫ સવારના ૮/૪૦ વાગ્યાના સુમારે સાબરમતી રીવરફ્રન્ટ પશ્ચીમ તરફના ભાગે વાસણા બેરેજ વોક–વે નજીક નદીમાં કુદી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિપકકુમાર હમીરભાઇ ચલાવે છે.

નરોડાઃ નરોડા પદમાવતી સોસાયટી ખાતે રહેતા કમલેશભાઇ હકમાભાઇ માળી(ઉ.વ.૨૩)(મુળ વતન. ગામ–તરૂવા, તા.–લાખણી જી.બનાસકાંઠા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૯/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.રાવલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી